ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અધૂરી કામગીરી ફરજિયાત પૂર્ણ કરાવશે કે કેમ જોવું રહ્યું ? રૂ.4 કરોડનો ખર્ચ સ્વાહા

## ગોધરાના ડોક્ટરના મુવાડાથી છકડીયા માર્ગ પર અકસ્માતનો ભય

મોટા વાહનોની વચ્ચે દ્વિચક્રીય વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બની શકે છે



(પ્રતિનિધિ) ગોધરા, તા.5
ગોધરા તાલુકાના ડોક્ટરના મુવાડાથી છકડીયા સુધીનો માર્ગ છેલ્લા કેટલાય સમયથી અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા જાન્યુઆરી ૨૦૨૬માં અંદાજે રૂપિયા ૪ કરોડના ખર્ચે આ માર્ગનું રી-સર્ફેસિંગ કરવામાં આવ્યું હતું. સામલી જંગલની મધ્યમાંથી પસાર થતો આ રસ્તો આશરે ૨૦ જેટલા અંતરિયાળ ગામોને જોડતો મુખ્ય માર્ગ છે. નવો રસ્તો બનતા વાહનચાલકોને પ્રાથમિક રાહત તો મળી છે પરંતુ નિર્માણના અઢી મહિના વીતી જવા છતાં કોન્ટ્રાક્ટર અને વિભાગની કથિત બેદરકારીના કારણે રોડની બંને બાજુએ માટી નાખીને સાઈડ શોલ્ડર ભરવાની કામગીરી હજુ સુધી કરવામાં આવી નથી. સામાન્ય રીતે ડામરનો રોડ બન્યાની સાથે જ સાઈડ શોલ્ડર ભરવા ફરજિયાત હોય છે. આ કામગીરી ન થવાના કારણે રોડની બંને કિનારીઓ ઊંચી અને જોખમી બની ગઈ છે. રાત્રિના સમયે સામેથી આવતા વાહનને સાઈડ આપવા જતા વાહન નીચે ઉતરે તો પલટી ખાઈ જવાની પૂરેપૂરી સંભાવના રહે છે. મોટા વાહનોની વચ્ચે દ્વિચક્રીય વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બની શકે છે. સાઈડ શોલ્ડરના અભાવે માત્ર અકસ્માતનો જ ભય નથી પરંતુ માટીના સપોર્ટ વગર નવા બનેલા ડામર રોડની કિનારીઓ તૂટવા લાગી છે અને ભવિષ્યમાં ચોમાસા દરમિયાન રોડ જલ્દી ધોવાઈ જવાનું પણ જોખમ ઊભું થયું છે. તદુપરાંત, આ માર્ગ જંગલમાંથી પસાર થતો હોવાથી તેમાં અનેક ભયજનક વળાંકો આવેલા છે. આ વળાંકો પર કોઈ જ સૂચન બોર્ડ લગાવવામાં આવ્યા નથી કે વાહનોને ખીણ કે ખાઈમાં ખાબકતા અટકાવવા માટે લોખંડના ક્રેશ બેરિયર પણ નાખવામાં આવ્યા નથી. સુરક્ષાના આ અભાવે ભૂતકાળમાં કાર સીધી સાઈડમાં ઘૂસી ગઈ હોવાના બનાવો પણ બની ચૂક્યા છે.

આ ગંભીર બેદરકારી અંગે માર્ગ અને મકાન વિભાગનું ધ્યાન દોરવા ગુજરાત મિત્રના પ્રતિનિધિ દ્વારા ગત તારીખ ૦૨/૦૪/૨૦૨૬ના રોજ નાયબ કાર્યપાલક ઈજનેર અને કાર્યપાલક ઈજનેરની રૂબરૂ મુલાકાત લેવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ તેઓ અન્ય કાર્યક્રમમાં હોવાનું જણાયું હતું. ત્યારબાદ ૦૬/૦૪/૨૦૨૬ના રોજ ટેલિફોનિક સંપર્ક કરતા બંને અધિકારીઓએ ફોન રિસીવ કરવાની તસ્દી લીધી ન હતી. તંત્રના આ ઉદાસીન વલણને કારણે કોન્ટ્રાક્ટરની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે અને નિર્દોષ જનતાના જીવ જોખમમાં મુકાયા છે.

ચાર જેટલા ગોડાઉનો પણ આગની ઝપેટમાં આવતા મોટુ નુકસાન

## હાલોલ પાવાગઢ બાયપાસ રોડ પર ભંગારના ગોડાઉનમાં આગ



(પ્રતિનિધિ) હાલોલ, તા.6
હાલોલ પાવાગઢ બાયપાસ રોડ પર ભંગારના ગોડાઉન માં આગ, આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા એક કરતા વધુ ગોડાઉન અને ગોડાઉન ની બાજુમાં આવેલ કાચા ત્રણ મકાનો પણ બળી ને ખાખ થઇ ગયા હતા. ભંગાર અને સ્ક્રેપના ગોડાઉનમાં આજે બપોરે અચાનક આગ ફાટી નીકળતા આ વિસ્તારમાં ભાગદોડ સાથે અફડાતફડી નો માહોલ સર્જાયો હતો.બનાવની જાન હાલોલ ફાયર વિભાગની ટીમ કરતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતો. જાણવા મળતી માહિતી મુજબ ઔધોગિક વિસ્તાર માંથી નીકળતો પ્લાસ્ટિક, સ્પંજ, લેધર અને લાકડાનો સ્ક્રેપ આ ગોડાઉન માલિકો એકત્રિત કરી તેને છૂટું પાડી વેચી દેતા હોય છે. તેમાં ના એક સ્ક્રેપના ગોડાઉન માં આગ ફાટી નીકળતા તે આગ એ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા નજીકમાં આવેલા અન્ય ચાર જેટલા ગોડાઉનો પણ તેની ઝપેટમાં આવી ગયા હતા, જેના કારણે આગ ઉપર કાબુ મેળવવા હાલોલ કાલોલ ગોધરા તેમજ હાલોલ ઔધોગિક એકમો માં આવેલ ફાયર ટીમ ની મદદ લેવા ની ફરજ પડી હતી. આગ ના ગોટેગોટા આકાશમાં દુરદુર સુધી દેખાતા લોકો ઘટના સ્થળે દોડી આવતા લોકટોળા ઉમટી પડ્યા હતા.

## દાહોદના ગરબાડા રોડ પર એક જ રાતમાં પાંચ બાઈકની ચોરીથી રહીશોમાં ફફડાટ

(પ્રતિનિધિ) 456, તા.2
દાહોદ શહેરના ગરબાડા રોડ ઓવરબ્રિજ પાસે આવેલી સાઈ રેસીડેન્સીમાં રાત્રિના સમયે બાઈક ચોર ટોળકીએ રૂપિયા ૧.૮૦ લાખની કુલ કિંમતની પાંચ જેટલી મોટરસાયકલો ચોરીને લઈ જતા રહીશોમાં ભારે ફફડાટ ફેલાવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, તારીખ ૪-૪-૨૦૨૪ ના રોજ રાત્રિના ૧૧ વાગ્યાથી બીજા દિવસે સવારે ૫ વાગ્યા દરમ્યાન બાઈક ચોર ટોળકી દાહોદ શહેરના ગરબાડા રોડ ઓવરબ્રિજ પાસે આવેલી સાઈ રેસીડેન્સીમાં ત્રાટકી હતી. રહીશોના પાર્કિંગમાં રાખેલી અલગ-અલગ બાઈક ચોરીને લઈ જવામાં આવી હતી, જેમાં રફીક કાનોર ફળીયામાં રહેતા શેરુભાઈ બાબુલાલ કાનોરની રૂપિયા ૮૦,૦૦૦/- કિંમતની જીજે ૨૦ બી એન-૦૫૩૦ નંબરની કાળા કલરની યામાહા આર-૧૫ મોટરસાયકલ, અબ્બાસભાઈ કમજીભાઈ મુરિયા ની રૂપિયા ૨૦,૦૦૦/- કિંમતની જીજે ૨૦ એ એમ-૪૪૮૫ નંબરની કાળા કલરની હીરો ડિલક્સ મોટરસાયકલ, વિજયભાઈ રેવાભાઈ બારીયાની રૂપિયા ૫૦,૦૦૦/- કિંમતની જીજે ૦૫ એફ-૭૮૨૩ નંબરની TVS Apache મોટરસાયકલ, ઘનશ્યામભાઈ રાઠવા પરિવારની રૂપિયા ૨૦,૦૦૦/- કિંમતની જીજે ૨૦ એચ-૬૮૨૧ નંબરની કાળા કલરની હીરો એચએફ ડિલક્સ મોટરસાયકલ તેમજ હેમંતકુમાર દલસુખભાઈ પંચાલના સાળા હર્ષદકુમાર પંચાલની રૂપિયા ૨૦,૦૦૦/- કિંમતની જીજે ૨૦ એસ-૦૩૩૩ નંબરની કાળા રંગની વાહન પલ્સર પ્રો મોટરસાયકલનો સમાવેશ થાય છે. આ રીતે કુલ રૂપિયા ૧.૮૦ લાખની કિંમતની પાંચ જેટલી મોટરસાયકલો ચોરીને લઈ જવામાં આવી હતી. આ બનાવને લઈ સાઈ રેસીડેન્સીના રહીશોમાં ભયનો માહોલ સર્જાયો છે. આ અંગે રફીક કાનોર ફળીયામાં રહેતા અને મિસ્ત્રી કામ કરતા ધીરજભાઈ બાબુલાલ કાનોરે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આંતરરાષ્ટ્રીય સંમેલન મહાકાલ ધ માસ્ટર ઓફ ટાઈમ

(પ્રતિનિધિ) દાહોદ, તા.5
એમપી કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ,ઈન્ડિયન નોલેજ સિસ્ટમ ડિવિઝન મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન, જીઓઆઇ એન્ડ વિજ્ઞાન ભારતી ના સંયુક્ત ઉપક્રમે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ મહાકાલ માસ્ટર ઓફ ટાઈમ નું આયોજન ત્રણ થી પાંચ એપ્રિલ 2026 ઉજ્જૈન મધ્ય પ્રદેશ ખાતે આયોજન કરવામાં આવ્યું.આ કોન્ફરન્સ ના અધ્યક્ષ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો મોહન યાદવ અને મુખ્ય મહેમાન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્રપ્રધાન ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ ઉપરાંત સુરેશ સોની અને શ્રી વી કે સારસ્વત ઉપસ્થિત રહ્યા હતા . કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રદાન પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ઉજ્જૈન એ આસ્થાની નગરી નહીં પણ ભારતીય જ્ઞાન પરંપરા




નું મહત્વપૂર્ણ કેન્દ્ર છે .મુખ્યમંત્રી મોહન યાદવ એ જણાવ્યું કે ઉજ્જૈન સમય ,પરંપરા અને વિજ્ઞાન એ ત્રણેનું સંગમ કેન્દ્ર છે. સમય ને જીવનનો આધાર બતાવતા ઉજ્જૈનને પ્રાચીન સમય માપનનું મુખ્ય સ્થળ છે કોન્ફરન્સનું આયોજન માત્ર ધાર્મિક નહીં પણ ખગોળ શાસ્ત્ર અને વિજ્ઞાન માપનની પરંપરા ને સમજવા માટેનો મંચ છે .આ કોન્ફરન્સમાં વિદ્યાર્થી વિજ્ઞાન મંથન 2026-27 નું મુખપૃષ્ઠ અને વેબસાઈટ નું લોન્ચિંગ કરવામાં આવ્યું . સાથે સાથે નવનિર્મિત ઉજ્જૈન સાયન્સ સેન્ટર નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

વધી રહેલા અકસ્માતોને ડામવામાં આરટીઓ તેમજ પોલીસ તંત્ર સાવ નિષ્ફળ

## દાહોદ શહેર સહિત તાલુકામાં હિટ એન્ડ રનની બે ઘટનામાં બે યુવાનોનુ સ્થળ પર જ મોત

ગમખ્વાર અકસ્માતના ઉપરા ઉપરી બની રહેલા બનાવોને પગલે દાહોદ જિલ્લો અકસ્માત ઝોન બન્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
વાહનચાલકોની ગફલત અને વાહનોની અતિ જૂની હાલત કરતા જણાઈ રહેલી ઝડપના પરિણામે તાલુકામાં જ જૂઠી જવાયેગાડીઓ બનાવામાં એક યુવાન સહિત બે યુવાનો સ્થળ પર જ કાળનો કોળિયો બનવાનું પોલીસ તંત્રને સતાવર રીતે જણાવા મજબૂર છે. છેલ્લા કેટલાંક સમયથી દાહોદ જિલ્લામાં શરૂ થયેલો ગમખ્વાર અકસ્માતોનો સીલવરડીઓ ચરમસીમાએ પહોંચી ગયો છે. ગઈકાલે જ દાહોદ જિલ્લાના કેફેપુરા તેમજ દાહોદ શહેરના રળિયાટી રોડ પર ભયંકર ગમખ્વાર અકસ્માતોની બનાવાની શ્રેણી હજી સુધી સૂકી નથી તેમ છતાં જિલ્લામાં દાહોદ તેમજ તાલુકામાં બનેલા ગમખ્વાર અકસ્માતના બનાવોને લઈને દાહોદ જિલ્લામાં આરટીઓ તેમજ પોલીસ તંત્ર સાવ નિષ્ફળ જણાય છે. છેલ્લા 24 કલાકમાં આવેલ દાહોદ શહીપુરી કોસ્ટર હાઈવે પર રોનિગા સ્પેન્ડર મોટરસાયકલ ભટકાઈ જતા મૃત્યુ થયા હતા. સદર ઘટનામાં એક યુવાન સહિત બે આઈસર ટ્રકના ડ્રાઈવરોને પોલીસે ઝડપી લીધા હતા. જેમાં કાળજની અત્યાર સુધીમાં રાજ્યમાં સૌથી વધુ અકસ્માતો ઝોનમાં દાહોદ જિલ્લો સામેલ છે. તંત્રની ગફલતના કારણે ગમખ્વાર અકસ્માતોની બીજી ઘટના કેફેપુરા તાલુકામાં કહલા ગામમાં રેતીના સ્વલનર મોટર લઈ પોતાનું લક્ષ્યાનું ભટકાવી દેતા મોકલી આપી હતી. આ સંબંધે ભાઈ હમારોન જનાર કહલા ગામના ભરતસિંહ જનાર ભાઈ બચુભાઈ મેદીભાઈ દાહોદ ટાઉન ડિવિજન ઓઝર નંબરની સ્વલનર મોટર સવારી સાથે જતાં પંચનામું મૃત્યુ નીપજ્યું હતું. અસરકારી મર્સલ જણાર સોનુ ઉકે રોકેશભાઈ ભૂમાભાઈ દામોરે નોંધાવતા, પોલીસે આ બાબતે મોટરસાયકલના ચાલક વિરુદ્ધ કેટલાની જૂનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## હાલોલ શહેરના રાજદીપ સિનેમા રોડ પર પાસે બે આખલાઓ બાખડતા અફરાતફરી સર્જાઇ



**હાલોલ :** હાલોલ શહેરના રાજદીપ સિનેમા રોડ પર આવેલી જૂની નુતન સ્કૂલ પાસે રવિવારે સાંજના સુમારે બે આખલાઓનું દ્વંદ યુદ્ધ જોવા મળ્યું હતું જેમાં જૂની નુતન સ્કૂલ પાસે આવેલા દુકાનદારો તથા રહીશોમાં અફરાતફરી નો માહોલ સર્જાયો હતો જ્યારે આ યુદ્ધ થતા આસપાસના લોકો દ્વારા બન્ને આખલાઓને અલગ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા જોકે દ્વંદ યુદ્ધ ને લઈ થોડાક સમય માટે વાહન વ્યવહાર પણ ખોરવાયો હતો બંન્ને આખલાઓ પર આસપાસના લોકો દ્વારા પાણીનો સતત મારો કરતા આખરે ભારે જેહમત બાદ બન્ને આખલા છુટ્ટા પડયા હતા અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

દાહોદના રળીયાતી ક્રોસિંગ પાસે વાહન અકસ્માત

## લક્ઝરી બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.6
દાહોદના રળીયાતી ક્રોસિંગ આગળ અમદાવાદ-ઈન્દોર હાઈવે પર હિટ એન્ડ રન જેવી ઘટનામાં રોડ ક્રોસ કરવા ગયેલ એક ઈનોવા કારની ટક્કરથી ગંભીર ઈજા પામતા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું, જ્યારે બે લોકોને ઈજા પહોંચી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, દાહોદના રળીયાતી ક્રોસિંગ આગળ અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ગતરોજ બપોરના સમયે અકસ્માત સર્જાયો હતો. જાણવા મળ્યું છે કે એક ખાનગી લક્ઝરી બસ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે તેની આગળ અચાનક ઈનોવા કાર આવી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઉત્તર પ્રદેશના જલોન જિલ્લાના મૌર ગામના આશરે ૪૦ વર્ષીય અશોકભાઈ ઉર્ફે બંટીસિંહને ગંભીર ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે બસના ડ્રાઈવર સહિત અન્ય બે લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા દાહોદ એ-ડિવિઝન પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. આ બનાવ અંગે લક્ઝરી બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.


## દાહોદમાં ચેક કોર્ટનો ઐતિહાસિક ચુકાદો ચેક રિટર્ન કેસમાં આરોપી નિર્દોષ જાહેર

(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદની નામદાર કોર્ટ દ્વારા એક રિટર્ન કેસમાં મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપવામાં આવતા જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે. કોર્ટએ પુરાવાના આધારે આરોપી જયેશ રમણગોપાલ અગ્રવાલને નિર્દોષ જાહેર કરવાનો હુકમ કર્યો છે, જેના કારણે ખાસ કરીને ગેરકાયદેસર વ્યાજખોરીના ગાળાથી પીડિત લોકોમાં આનંદની લાગણી સાથે નવી આશા જાગી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, દાહોદ શહેરના ગોધરા રોડ વિસ્તારમાં રહેતા જયેશ અગ્રવાલે વર્ષ ૨૦૨૧માં મેડિકલ ખરીદી માટે જીતેન્દ્ર સમરસિંહ રાઠોડ પાસેથી રૂ. ૨૦ લાખ ઉછીના લીધા હતા. આ રકમની ચુકવણી માટે આપવામાં આવેલ ચેક બાદમાં બાઉન્સ થતાં ફરીયાદી દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ લાંબા સમયથી કોર્ટમાં ચાલતો હતો. સુનાવણી દરમિયાન આરોપી પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓમાં દર્શાવવામાં આવ્યું હતું કે મૂળ રકમ વ્યાજ સાથે પરત ચૂકવી દેવામાં આવી હતી. છતાં ફરીયાદી દ્વારા વધુ રકમ મેળવવાના આશયથી કેસ કરવામાં આવ્યો હતો. કોર્ટએ નોંધ્યું હતું કે ૨૦ લાખ જેવી મોટી રકમ રોકડમાં આપવાનો મુદ્દો પણ શંકાસ્પદ છે અને તે અંગે યોગ્ય પુરાવાનો અભાવ છે. તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કોર્ટએ આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો. આ ચુકાદા બાદ જિલ્લામાં ગેરકાયદેસર વ્યાજખોરીના મુદ્દે ફરી ચર્ચા તેજ બની છે. છેલ્લા કેટલાંક વર્ષોથી જિલ્લામાં ઊંચા વ્યાજે નાણા આપતા તત્વો દ્વારા સામાન્ય લોકોને હેરાન-પરેશાન કરવાની ઘટનાઓ સામે આવી રહી છે. સ્થાનિક લોકોમાં હવે એવી માંગ ઉઠી રહી છે કે ગેરકાયદેસર વ્યાજખોરી સામે પોલીસ અને પ્રશાસન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી નિર્દોષ લોકોને ન્યાય મળી શકે.

જવેસી-હીરોલા જંગલ વિસ્તારમાં દિપડા જેવા હિંસક પ્રાણીઓ ફરતા હોવાની લોક ચર્ચા


## સુખસર તાલુકાના જવેસીમાં જંગલી હિંસક પ્રાણીએ ગાયનું મારણ કરતાં ગામમાં ભય ફેલાયો



(પ્રતિનિધિ ) સુખસર,તા.6
જંગલ વિસ્તારોનો નાશ થતાં ખોરાક તથા પાણીની શોધમાં જંગલી પશુઓ માનવ વસ્તી તરફ ધસી આવતા હોવાના અનેક બનાવો સુખસર ફતેપુરા-તાલુકામાં બની રહ્યા છે.તેવી જ રીતે ગતરોજ રાત્રીના જવેસી ગામના એક પશુ પાલકના બાંધેલા પશુઓ પૈકી જંગલી હિંસક પ્રાણીએ એક ગાયનું મારણ કરતાં ગામમાં ભયનો માહોલ પ્રસરી જવા પામેલ હોવાનું જાણવા મળે છે. જાણવા મળેલ વિગતો મુજબ સુખસર તાલુકાના જવેસી ગામના નાકા ફળિયા ખાતે રહેતા દિનેશભાઈ હડ્યાભાઈ નિસરતા ખેતીવાડી તથા પશુપાલન કરી ઘરનું ગુજરાન ચલાવે છે.જ્યારે ગત રાત્રિના તેમના ચાર જેટલા પશુ મકાન પાસે પશુ બાંધવા માટે બનાવેલ ઝૂંપડામાં બાંધેલા હતા. અને ઘરના સભ્યો રાત્રિના દસેક વાગ્યે ઊંઘી ગયા હતા.ત્યારે રાત્રિના સમયે જંગલી હિંસક પ્રાણીએ દિનેશભાઈ નિસરતાના બાંધેલ પશુઓ વાળા ઝૂંપડામાં આવી એક ગાયને ગંભીર રીતે ઘાયલ કરી મોત નિપજાવેલ હોવાનું જાણવા મળે છે. આવા બનાવનુ પુનરાવર્તન થાય નહીં તે અર્થે ફોરેસ્ટ ખાતાએ ધ્યાન આપવાની ખાસ જરૂરત હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. જ્યારે આજરોજ સવારના દિનેશભાઈના ઘરના સભ્યોએ જોતા ચાર પશુઓ પૈકી એક ગાય મૃત જોવા મળેલ.અને ગાયને પેટના તથા પાછળના ભાગે જંગલી હિંસક પ્રાણીએ ગંભીર ઈજાઓ પહોંચાડવા ના કારણે ગાયનું મોત નીપજ્યું હોવાનું જણાઈ આવ્યું હતું. જોકે ગામમાં થતી ચર્ચા મુજબ જવેસી- હિરોલા જંગલ વિસ્તારમાં પાંચ થી છ જેટલા જંગલી હિંસક પ્રાણીઓ ફરતા હોવાનું ગ્રામજનોની નજરે જોવા મળેલ હોવાનું ચર્ચા પણ સાંભળવા મળી રહી છે.જોકે જંગલી પ્રાણી દ્વારા ગાયનું મારણ થતાં તેની જાણ ફોરેસ્ટ ખાતાને કરવામાં આવતા ફોરેસ્ટ કર્મચારીઓ એ સ્થળ ઉપર આવી પંચનામું કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

દબાણ હટાવો કામગીરી હાથ ધરાતા કેટલાક દબાણકારોએ સ્વૈચ્છિક રીતે પોતાના દબાણો હટાવી લીધા

## હાલોલ જીઆઈડીસીના મુખ્ય માર્ગો પરથી પોલીસ બંદોબસ્ત સાથે રાખી દબાણો હટાવાયા



(પ્રતિનિધિ ) હાલોલ,તા.6
હાલોલ જીઆઈડીસી ના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો પર દબાણ કર્તા ઓ દ્વારા ઉભા કરવામાં આવેલા કાચા-પાકા દબાણો દૂર કરવા માટે સોમવારના રોજ સવારે વહીવટી તંત્ર એક્શનમાં આવી ગયું હતું. વહીવટી તંત્ર સાથે અન્ય વિભાગો પણ આ કામગીરીમાં જોતરાય હોવાનું જાણવા મળે છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ હટાવો કામગીરી હાથ ધરવામાં આવી હતી. આજે સવાર થી વહીવટી તંત્ર દ્વવારા કાચા પાકા દબાણો હટાવવાની કામગીરીનો કામગીરી ની શરૂઆત રીન્કી ચોકડી પાસે આવેલ એક ખાનગી મોલની નજીક થી કરવામાં આવી હતી. ત્યારબાદ પનોરમા ચોકડી ને ફરતે આવેલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ સફારી ચોકડી અને આસપાસના વિસ્તારોમાં આવેલા દબાણો પણ દૂર કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત દબાણ હટાવો ઝુંબેશમાં જીઆઈડીસી વિભાગ, માર્ગ અને મકાન વિભાગ (જિલ્લા પંચાયત) પોલીસ વિભાગ પણ આ કામગીરીમાં જોતરાયું હતું. જોકે આ અંગે જાણવા મળતી માહિતી મુજબ આ દબાણદારોને અગાઉ વારંવાર નોટિસો આપ્યા છતાં તેઓ દ્વારા દબાણો ન હટાવતા અંતે તંત્રને આજરોજ દબાણ હટાવો કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન અસંખ્ય કાચા પાકા દબાણો દૂર કરી માર્ગને ખુલ્લો કરવામાં આવ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. જ્યારે આ કામગીરીમાં ૧૦, થી વધુ જેસીબી મશીનો, મોટી ક્રેનો તેમજ મોટી સંખ્યામાં પોલીસ નો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વહીવટી તંત્રના અધિકારીઓની હાજરીમાં સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવી.